For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**વડોદરા સ્માર્ટ સિટીમાં ચોમાસા વગર જ 'જળભરાવ'!**

# ભીમનાથ બ્રિજથી પોલીસ ભુવન સુધી એક મહિનાથી ગટર ઉભરાતા હાહાકાર; તંત્રની ઉદાસીનતાથી રોગચાળાનો ભય!

(પ્રતિનિધિ) વડોદરા, તા.15
વડોદરા શહેરને 'સ્માર્ટ સિટી' તરીકે વિકસાવવાના દાવાઓ વચ્ચે વોર્ડ નંબર 13 માં આવેલા ભીમનાથ બ્રિજ અને પોલીસ ભુવન તરફના માર્ગે છેલ્લા એક મહિનાથી સર્જાયેલી સમસ્યાએ તંત્રની પોલ ખુલ્લી પાડી છે. ચોમાસાની ઋતુ ન હોવા છતાં આ વિસ્તારમાં ગટરના ગંદા પાણી ઉભરાવાના કારણે રોડ પર કાયમી જળભરાવની સ્થિતિ સર્જાઈ છે, જેને કારણે અહીંથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ભીમનાથ બ્રિજથી પોલીસ ભુવન સુધીના આ વ્યસ્ત માર્ગ પર છેલ્લા લગભગ એક મહિનાથી ગટર નિયમિતપણે ઉભરાઈ રહી છે. ગટરના આ ગંદા પાણી આખા રોડ પર ફરી વળ્યા છે, જેના કારણે માર્ગ અત્યંત ચીકણો અને લપસણો



બની ગયો છે. આ માર્ગે અવરજવર કરતા લોકોને ગંદકી અને દુર્ગંધની સમસ્યા ઉપરાંત અકસ્માત થવાનો સતત ભય સતાવી રહ્યો છે. ગટરના પાણી રોડ પર ફેલાઈ જવાને કારણે વાહનોનું બેલેન્સ જાળવવું મુશ્કેલ બની ગયું છે. લપસણા રોડને કારણે કોઈપણ સમયે ગંભીર અકસ્માત થવાની કે જાનહાનિ થવાની શક્યતા છે. આટલી ગંભીર પરિસ્થિતિ હોવા છતાં, મ્યુનિસિપલ કોર્પોરેશનનું તંત્ર જાણે નિંદ્રાધીન હોય તેમ લાગી રહ્યું છે. એક મહિના જેટલો લાંબો સમય વીતી જવા છતાં આ સમસ્યાના નિરાકરણ માટે કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. શહેરના સામાજિક કાર્યકર વિઠ્ઠલ આયરેએ આ સમગ્ર મામલે તંત્રની ઘોર બેદરકારી સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, "સ્માર્ટ સિટીના નામે મોટા દાવાઓ કરતું તંત્ર સામાન્ય ગટરની સમસ્યા પણ હલ કરી શકતું નથી. આખાય રોડ પર ગટરના પાણી ફરી વળ્યા છે અને માથું ફાટી જાય એટલી દુર્ગંધ ફેલાયેલી છે. આ દુર્ગંધને કારણે આસપાસના રહેવાસીઓ અને અહીંથી પસાર થતા લોકોનું જીવન મુશ્કેલ બની ગયું છે."

## ભૂતડી ઝાંપા વિસ્તારમાં પાણી વિતરણ બુસ્ટરથી જનતાને હાલાકી



ભૂતડી ઝાંપા વિસ્તારમાં વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાણી વિતરણ માટે મુખ્ય રસ્તા પર દબાણ કરીને મૂકાયેલા બુસ્ટરને કારણે છેલ્લા ઘણા વર્ષોથી સ્થાનિક રહીશો સહિત શાળાના બાળકો અને શિક્ષકો ભારે મુશ્કેલી ભોગવી રહ્યા છે. નવી ધરતી, નાગરવાડા, વોર્ડ નંબર-૭ વિસ્તારમાં આવેલી જીવન સાધના શાળા, ન્યૂ ઈરા સ્કૂલ તથા કોર્પોરેશન સંચાલિત પ્રાથમિક શાળાના મુખ્ય માર્ગ પર જ આ વિવાદાસ્પદ બુસ્ટર મૂકવામાં આવ્યું છે. જેના કારણે રોજ શાળાએ આવતા-જતાં બાળકો, શિક્ષકો અને વાલીઓને અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે. બુસ્ટરની આસપાસ પાંચ પાણીની લાઈનોના વાલ્વ મૂકવામાં આવ્યા છે. આ લાઈનોમાં દર ત્રીજા-ચોથા દિવસે ભંગાણ પડતું હોવાથી પાણી લીકેજ સામાન્ય બની ગયું છે. પરિણામે રસ્તા પર કાદવ અને કીચડ ફેલાય છે. સમારકામ માટે વારંવાર ખોદકામ થતાં સ્થિતિ વધુ ખરાબ બને છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ નાની લિકેજ બાબતે જવાબદાર અધિકારીઓ ધ્યાન આપતા નથી. લિકેજ મોટી બન્યા બાદ જ રિપેર થાય છે, જે તંત્રની સ્પષ્ટ બેદરકારી દર્શાવે છે.

**નવાપુરા તથા મકરપુરા પોલીસે રેડ કરતા જુગારીઓમાં દોડધામ મચી**

# પોલોગ્રાઉન્ડ તથા દંતેશ્વરમાંથી જુગાર રમતા 15 ખેલી ઝડપાયાં

(પ્રતિનિધિ) વડોદરા, તા.15
નવાપુરામાં પોલો ગ્રાઉન્ડ સામે તથા દંતેશ્વર વિસ્તારમાં પોલીસે રેડ કરીને જુગાર રમતા 15 ખેલીઓને ઝડપી પાડ્યાં હતા. પોલીસ દ્વારા જુગારીઓની અંગજડતી તથા દાવ પર લાગેલી રોકડ રકમ 49 હજાર અને 12 મોબાઈલ મળી રૂ. 99 હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબજે કર્યો છે. થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરના લઈને પોલીસ દ્વારા વાહન ચેકિંગ તથા પેટ્રોલિંગમાં શહેર વિસ્તારમાં વધારી દીધુ છે. જેને લઈને નવાપુરા પોલીસને 14 ડિસેમ્બરના રોજ પોલીસ કંટ્રોલરૂમ તરફથી વર્ધી મળી હતી કે નવાપુરા પોલો ગ્રાઉન્ડની સામે મટન પેલેસની બાજુમા આવેલી રાજરત્ન સોસાયટીમાં મકાનના બીજા માળ પર આવેલી લોબીમાં આશરે 12 લોકો ભેગા મળીને જુગાર રમી રહ્યા છે. જેના આધારે પોલીસે નવાપુરા વિસ્તારમાં આવેલી રાજરત્ન સોસાયટીના મકાનના બીજા માળે આગળના ભાગની ગેલેરીમાં રેઈડ કરી હતી. ત્યારે 11 ખેલી સ્થળ પરથી ઝડપાઈ ગયાં હતા. પોલીસ દ્વારા જુગારીઓની અંગઝડતી કરતા રોકડા રૂ.26 હજાર તથા જમીન દાવના રોકડા રૂ. 7 હજાર તેમજ 8 મોબાઈલ રૂપિયા 38 હજાર મળી રૂ.72 હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. તેવી જ રીતે દંતેશ્વર તળાવ પાસે ટેકરા ફળીયામા જવાના રસ્તા પાસે જુગાર રમતા ચાર ખેલીને ઝડપી પાડ્યાં હતા. તેમની પાસેથી રોકડા રૂપિયા 12 હજાર તથા ચાર મોબાઈલ મળી રૂ. 27 હજારના મુદ્દામાલ કબજે કરવામા આવ્યો છે.



**ઝડપાયેલા જુગારીઓ**

નંદરામ અધિકારી, લક્ષ્મણ લોકરાજ જોશી, ભીમ પ્રસાદ હરીપ્રસાદ જોશી, રૂપાનંદ પ્રભુનાથ જોશી, ગોપાલ દેવીરામ જોશી, બહાદુર અભિરામ બુડા, ગંગા લોકબહાદુર બિષ્ટા, તુલસી ટેકબહાદુર ભંડારી, માયા રામ ભવાની જોષી, કિષ્ના દેવીરામ અધિકારી, દિનેશ પદમસિંગ બિષ્ટ, રાજુ પુનમ મારવાડી, પ્રકાશ ઈજાજી ખારવા, અશોકભાઈ શીવરાજ ચૌધરી, ચતુરભાઈ વસાવા તમામ રહે વડોદરાનો સમાવેશ થાય છે.

**આગામી ત્રણ દિવસ બાદ ઠંડી ઘટાડાની શક્યતા**

# ઉત્તર ભારતના હવામાન ફેરફારની અસર, વડોદરામાં વહેલી સવારે ઠંડીનો અહેસાસ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11
શહેરમાં ઠંડીનો ચમકારો હવે ધીમે ધીમે વધતો જઈ રહ્યો છે. સોમવારે વડોદરા શહેરનું લઘુત્તમ તાપમાન 13 ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન 31.8 ડિગ્રી નોંધાયું હતું. વહેલી સવારે તથા મોડી રાત્રે ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે, જ્યારે બપોરે નગરજનોને ગરમી અનુભવાઈ રહી છે.વડોદરા શહેરમાં ઉત્તર-પશ્ચિમ દિશાથી ફૂંકાતા ઠંડા પવનને કારણે લઘુત્તમ તાપમાનનો પારો 13 ડિગ્રી સુધી ઉતર્યો છે. પરિણામે વહેલી સવારે અને રાત્રિના સમયે ઠંડી વધુ અનુભવાઈ રહી છે.

હિમાચલ પ્રદેશમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાથી ઉત્તર ભારતમાં હવામાનમાં ફેરફાર નોંધાઈ રહ્યો છે અને આગામી દિવસોમાં વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ પરિસ્થિતિને કારણે લઘુત્તમ તાપમાનમાં વધુ ઘટાડો થવાની શક્યતા છે.રાજ્યમાં ઠંડીનો ચમકારો યથાવત રહેતા લઘુત્તમ તાપમાન ધીમે ધીમે ગગડી રહ્યું છે. જોકે, હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ત્રણ દિવસ બાદ તાપમાનમાં આશરે ત્રણ ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે, જેના કારણે ઠંડીમાં સાધારણ ઘટાડો થઈ શકે છે.

સોમવારે શહેરમાં સવારે હવામાં ભેજનું પ્રમાણ 81 ટકા અને સાંજે 30 ટકા નોંધાયું હતું. વહેલી સવારે શાળાએ જતા બાળકો સાથે તેમના વાલીઓ પણ ઠંડીથી ઠૂંઠવાતા નજરે પડ્યા હતા. જ્યારે કેટલાક વિસ્તારોમાં મોડીરાત્રે અને વહેલી સવારે લોકો તાપણાં કરીને ઠંડીથી બચાવ મેળવી રહ્યા છે.

**વડોદરા શહેર - જિલ્લામાં કૂતરા કરડવાના બનાવોમાં નોંધપાત્ર વધારો**

# એસએસજી હોસ્પિટલમાં દર્દીઓના ધસારાને પહોંચી વળવા સુવિધામાં વધારો કરી દેવાયો

**ડોગ** બાઈટના સામાન્ય કિસ્સામાં પણ તાત્કાલિક સારવાર લેવાની ડોક્ટરની અપીલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11
વડોદરા શહેર અને જિલ્લામાં કૂતરા કરડવાના બનાવોમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. તેના પરિણામે વડોદરાની એસએસજી (સયાજી) હોસ્પિટલમાં રોજબરોજ ડોગ બાઈટના દર્દીઓનો ધસારો વધ્યો છે. હાલ સરેરાશ દરરોજ 10થી વધુ નવા દર્દીઓ સારવાર માટે હોસ્પિટલમાં આવી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.

### ઇમ્યુનોગ્લોબ્યુલિન પૂરતા પ્રમાણમાં

એસએસજી હોસ્પિટલના આરએમઓ ડો. હિતેન્દ્ર ચૌહાણે જણાવ્યું હતું કે, "સયાજી હોસ્પિટલ મધ્ય ગુજરાતની સૌથી મોટી હોસ્પિટલ છે. અહીં હડકવા વિરોધી રસી પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. ગંભીર કેસોમાં જરૂરી ઇમ્યુનોગ્લોબ્યુલિનના ઇન્જેક્શન પણ અમારી પાસે ઉપલબ્ધ છે, જે ઘણીવાર નાના આરોગ્ય કેન્દ્રોમાં ઉપલબ્ધ નથી હોતી.

### એસએસજી હોસ્પિટલમાં ખાસ વ્યવસ્થા

દર્દીઓના વધતા દબાણને ધ્યાનમાં રાખીને એસએસજી હોસ્પિટલ દ્વારા કૂતરા કરડવાના કેસોમાં હડકવા વિરોધી રસી આપવા માટે એક ખાસ રૂમ કાર્યરત કરવામાં આવ્યો છે. અહીં ડોગ બાઈટના દર્દીઓ માટે જરૂરી તમામ દવાઓ, રસી અને સાધનસામગ્રી પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ રાખવામાં આવી છે.

### ડોક્ટરોની જનતા માટે અપીલ

ડોક્ટરોએ સ્પષ્ટ સલાહ આપી છે કે, કૂતરા કરડવાના કોઈપણ બનાવમાં તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્ર અથવા હોસ્પિટલમાં જવું, ડોક્ટરની સલાહ મુજબ હડકવા વિરોધી રસીનો સંપૂર્ણ કોર્સ કરવો, સારવાર દરમિયાન આપવામાં આવેલી તમામ સૂચનાઓનું કડક પાલન કરવું. ડોગ બાઈટના વધતા કેસોને જોતા જનતાની સતર્કતા અત્યંત જરૂરી બની છે. સમયસર લેવામાં આવેલી સારવાર જ હડકવા જેવા ઘાતક રોગથી બચાવનો એકમાત્ર ઉપાય છે. એસએસજી હોસ્પિટલ દ્વારા તૈયાર કરવામાં આવેલી વ્યવસ્થા હાલ માટે રાહતરૂપ સાબિત થઈ રહી છે.

### હડકવા:એક ઘાતક અને અસાધ્ય રોગ

ડોક્ટરોના જણાવ્યા અનુસાર હડકવા એવો રોગ છે કે જો તેના લક્ષણો દેખાવા લાગે તો પછી તેની સારવાર શક્ય રહેતી નથી. તેથી કૂતરા કરડવાના સામાન્ય લાગતા કિસ્સામાં પણ કોઈ પ્રકારની નિષ્કાળજી રાખવી નહીં.

**ભારતના અનેક એરપોર્ટ ઉપર ગાઢ ધુમ્મસ છવાયું**

# ખરાબ હવામાનને કારણે એઆઈ દિલ્હીની ફ્લાઈટ રદ : ઈન્ડિગોની 4 કલાક લેટ

(પ્રતિનિધિ) વડોદરા, તા.15
દિલ્હી અને ઉત્તર ભારતના અનેક એરપોર્ટ ઉપર ગાઢ ધુમ્મસ છવાયું છે. જેના કારણે ફ્લાઈટો રદ થવા સાથે મોડી પડી રહી છે. ત્યારે, વડોદરા એરપોર્ટ ઉપર પણ દિલ્હીમાં ખરાબ હવામાનને કારણે એર ઈન્ડિયાની દિલ્હી વડોદરા દિલ્હીની ફ્લાઈટ રદ કરવામાં આવી હતી. જ્યારે ઈન્ડિગોની ફ્લાઈટ પણ ચાર કલાક લેટ થતા મુસાફરો અટવાયા હતા. વડોદરા એરપોર્ટ ઉપર સોમવારે ઈન્ડિગોની દિલ્હી વડોદરા દિલ્હીની ફ્લાઈટ ચાર કલાક મોડી પડતા મુસાફરો અટવાયા હતા. છેલ્લા છ દિવસથી ઈન્ડિગોની દિલ્હી વડોદરા દિલ્હીની ફ્લાઈટ કેન્સલ થઈ રહી છે તેવામાં સાતમા દિવસે ફ્લાઈટ ચાર કલાક મોડી પડી હતી. જ્યારે, એર ઈન્ડિયાની AI 1701/1808 દિલ્હી- વડોદરા - દિલ્હીની ફ્લાઈટ દિલ્હીમાં ખરાબ હવામાનને કારણે રદ કરવામાં આવી હતી અને ઈન્ડિગોની 6E-5066/6662 દિલ્હી-વડોદરા-દિલ્હીની ફ્લાઈટ પણ દિલ્હી એરપોર્ટ પર ખરાબ હવામાનને કારણે 4 કલાક મોડી પડી હતી. જ્યારે મંગળવારે આજે સવારની એર ઈન્ડિયાની ફ્લાઈટ AI 1701 / 1808 દિલ્હી-વડોદરા-દિલ્હીની ફ્લાઈટ દિલ્હીમાં ખરાબ હવામાનને કારણે સતત બીજા દિવસે પણ રદ કરવામાં આવી છે. નોંધનીય છે કે છેલ્લા ઘણા સમયથી ફ્લાઈટો રદ થવા સાથે કલાકો મોડી પડી રહી છે. ત્યારે હવે મુસાફરો પણ અનિવાર્ય હોય તો જ આ ફ્લાઈટના બુકિંગ માટે પ્રયાસ કરી રહ્યા છે. જોકે બે ચાર દિવસ અગાઉથી દિલ્હીની ફ્લાઈટ માટે આગોતરો બુકિંગ કરાવી ચૂકેલા મુસાફરોને હેરાન થવાનો વારો આવ્યો હતો.

**હેરિટેજ સ્પોટ્સ પર આરોગ્ય વિભાગની વિશેષ ટીમ ત્રાટકી**

# વાસી' ખોરાક વેચનારાઓની હવે ખેર નહીં ! VMCનું ફૂડ સેફટી મેગા અભિયાન

**ગંભીર** અનિયમિતતા બદલ અનેક દુકાનદારો પર દંડ, નાગરિકોના આરોગ્યની જાળવણી પર ભાર

(પ્રતિનિધિ) વડોદરા, તા.15
જાહેર આરોગ્યની જાળવણીના ભાગરૂપે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા શહેરમાં એક સપ્તાહ સુધી વ્યાપક ફૂડ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી. મ્યુનિસિપલ કમિશનર અરુણ બાબુની સીધી સૂચનાથી આરોગ્ય વિભાગની ખોરાક શાખાએ હેરિટેજ બિલ્ડીંગો અને મુખ્ય ધાર્મિક સ્થળોની આસપાસ આવેલી હોટલો, રેસ્ટોરન્ટો તેમજ ખાદ્ય લારીઓને નિશાન બનાવી સઘન તપાસણી કરી હતી.
શહેરના ધાર્મિક અને હેરિટેજ સ્થળો પર પ્રવાસીઓ અને ભક્તોની સતત અવરજવરને ધ્યાનમાં રાખીને, તેમને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત ખોરાક મળે તે હેતુથી આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અભિયાન હેઠળ આરોગ્ય વિભાગની ટીમોએ સમગ્ર સપ્તાહ દરમિયાન આશરે 150 જેટલી જગ્યાએ અચાનક મુલાકાત લઈને ચકાસણી કરી હતી. ખાસ કરીને મંદિર, મસ્જિદ, ચર્ચ તેમજ ઐતિહાસિક હેરિટેજ સ્થળોની આસપાસના વિસ્તારમાં ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી દુકાનો અને લારીઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગે તમામ દુકાનદારો અને લારીધારકોને સ્વચ્છતા જાળવવા, ખાદ્ય પદાર્થોને ઢાંકીને રાખવા અને ફૂડ લાયસન્સ સંબંધિત તમામ નિયમોનું પાલન કરવા માટે કડક સૂચનાઓ આપી છે. ખોરાક શાખાના અધિકારીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, "શહેરની છબી અને નાગરિકોના આરોગ્યને કોઈપણ પ્રકારે નુકસાન ન થાય તે માટે આવી તપાસણીઓ નિયમિત રીતે ચાલુ રાખવામાં આવશે.

### તપાસણીમાં નીચેના મુખ્ય પાસાઓ પર કડક ચકાસણી કરાઇ

**ખોરાકની ગુણવત્તા:** વપરાતા ખાદ્ય પદાર્થોની તાજગી અને ગુણવત્તા
**સ્વચ્છતા:** કિચન, સંગ્રહસ્થાન અને વેચાણ સ્થળની સામાન્ય સ્વચ્છતા.
**પાણીની વ્યવસ્થા:** વપરાશમાં લેવાતા પાણીની શુદ્ધતા.
**સંગ્રહ પદ્ધતિ:** ખાદ્ય પદાર્થોનો સંગ્રહ કરવાની પદ્ધતિ ઢાંકેલા છે કે ખુલ્લા.
**કર્મચારીઓની હાઇજીન:** ખોરાક તૈયાર કરનાર અને પીરસનાર કર્મચારીઓની વ્યક્તિગત સ્વચ્છતા.

# VMCની 'થ્રી-વે' સ્વચ્છતા પહેલ: પશ્ચિમ ઝોનમાં નવી ટેક્નોલોજીથી સજ્જ કચરા સંકલન શરૂ

**ભીનો,** સૂકો અને ધાર્મિક ફૂલ-શ્રીફળ વેસ્ટ માટે અલગ વ્યવસ્થા; પરિવહન વાહનોને હરિત ઝંડી

(પ્રતિનિધિ) વડોદરા, તા.15
વડોદરા મહાનગર પાલિકા દ્વારા સ્વચ્છ ભારત અભિયાનને વધુ મજબૂત બનાવવા માટે પશ્ચિમ ઝોનમાં ડોર ટુ ડોર કચરા સંકલન અને ટ્રાન્સપોર્ટેશન માટે નવીન ટેક્નોલોજીથી સજ્જ વાહનોનું ભવ્ય રીતે ફ્લેગ ઓફ કરવામાં આવ્યું હતું. આ પહેલથી શહેરમાં કચરા વ્યવસ્થાપન વધુ સુવ્યવસ્થિત અને અસરકારક બનશે અને નાગરિકોને પણ સ્વચ્છતાની સુવિધા મળશે.





### મહાનુભાવોની હાજરીમાં ફ્લેગ ઓફ

ફ્લેગ ઓફ સમારોહમાં વડોદરા મહાનગર પાલિકાના ચેરમેન શીતલ મિસ્ત્રી, કમિશનર અરુણ મહેશ બાબુ, મેયર પિંકી સોની સહિત અન્ય પદાધિકારીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મહાનુભાવોએ જણાવ્યું હતું કે વડોદરા શહેરને દેશના સૌથી સ્વચ્છ શહેરોમાં સ્થાન અપાવવા VMC સંપૂર્ણ પ્રતિબદ્ધ છે અને નવી પરિવહન વ્યવસ્થા આ દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

### GPS ટ્રેકિંગ અને કોમ્પેક્ટર સુવિધાથી સજ્જ વાહનો

નવીન ટેક્નોલોજીથી સજ્જ આ વાહનો GPS ટ્રેકિંગ સિસ્ટમ સાથે જોડાયેલા હોવાથી કચરા સંકલનના રૂટ અને સમયસર કામગીરી પર સતત દેખરેખ રાખી શકાશે. ઉપરાંત, કોમ્પેક્ટર મિકેનિઝમના કારણે વધુ માત્રામાં કચરાનું અસરકારક રીતે પરિવહન શક્ય બનશે.

**ત્રણ પ્રકારના કચરાનું અલગ-અલગ સંકલન |** આ નવી વ્યવસ્થાની ખાસિયત એ છે કે વાહનોમાં ભીનો કચરો, સૂકો કચરો તથા ધાર્મિક ફૂલ-શ્રીફળ વેસ્ટ માટે અલગ-અલગ વિભાગ બનાવવામાં આવ્યા છે. અત્યાર સુધી બે વિભાગમાં કચરાનું વર્ગીકરણ થતું હતું, જ્યારે હવે ધાર્મિક વિધિઓમાં વપરાતા ફૂલો અને શ્રીફળનો અલગથી સંગ્રહ કરી તેના યોગ્ય નિકાલ તથા પુનઃઉપયોગ પર ભાર મૂકવામાં આવશે.

**કપૂરાઇ-સોમા તળાવ વિસ્તાર નજીકની નંદઘર આંગણવાડીની આસપાસની હાલત તંત્રની બેદરકારી ઉજાગર કરે છે**

# શરમજનક! શિક્ષણના મંદિર પાસે ગંદકી અને નશો, નંદઘરના બાળકો નર્કાગારમાં ભણવા મજબૂર

(પ્રતિનિધિ) વડોદરા, તા.11 : વડોદરા શહેરના કપૂરાઈ-સોમા તળાવ વિસ્તાર નજીક આવેલી નંદઘર આંગણવાડીની આસપાસની હાલત ચિંતાજનક બની છે. જ્યાં સરકાર દ્વારા "પઢેગા ઈન્ડિયા તો બઢેગા ઈન્ડિયા" જેવા સૂત્રો આપવામાં આવે છે, ત્યાં જ આંગણવાડીની આસપાસ કચરાના ઢગલા, દેશી દારૂની પોટલીઓ અને ઈંગ્લિશ દારૂની ખાલી બોટલો જોવા મળી રહી છે.



### સુવિધાઓનો ગંભીર અભાવ

- નંદઘરની અંદર પણ પાયાની સુવિધાઓનો અભાવ ચોંકાવનારો છે.
- બાળકો માટે પીવાના શુદ્ધ પાણીની પૂરતી વ્યવસ્થા નથી.
- બાળકો માટેનું બાથરૂમ તૂટેલી હાલતમાં છે અને ઉપયોગ માટે અયોગ્ય બન્યું છે.
- તાત્કાલિક કાર્યવાહી જરૂરી
- આંગણવાડીની આસપાસ સફાઈ,
- અસામાજિક તત્વોનો અડ્ડો દૂર કરવો,

### 50થી વધુ ભૂલકાઓનો અસ્વચ્છ વાતાવરણમાં અભ્યાસ

આ વિસ્તારમાં બે આંગણવાડીઓ આવેલી છે, જ્યાં રોજે રોજ 50થી વધુ નાના બાળકો અભ્યાસ માટે આવે છે. પરંતુ આસપાસ ફેલાયેલી ગંદકી અને નશાનો માહોલ બાળકોના સ્વાસ્થ્ય તથા માનસિક વિકાસ માટે ગંભીર ખતરો બની રહ્યો છે.

### સ્વચ્છતાના દાવાઓ હકીકતમાં ખોખલા

નંદઘર આંગણવાડીની દિવાલો પર સ્વચ્છતા અને પ્લાસ્ટિક મુક્તિના સંદેશા દર્શાવતા ચિત્રો દોરવામાં આવ્યા છે. છતાં, જમીન પર ઠેર-ઠેર પ્લાસ્ટિક કચરો, દારૂની બોટલો અને પોટલીઓ પડેલી જોવા મળે છે. આ દ્રશ્યો વડોદરા મહાનગરપાલિકાની કામગીરી પર સવાલ ઊભા કરે છે.

### સાંજ પડતા જ અસામાજિક તત્વોનો અડ્ડો

સ્થાનિકોના જણાવ્યા મુજબ, દિવસ દરમિયાન બાળકો અભ્યાસ માટે આવે છે, પરંતુ સાંજ પડતાં જ આ સ્થળ અસામાજિક તત્વોનો અડ્ડો બની જાય છે. દારૂડિયાઓ અહીં ખુલ્લેઆમ બેસીને દારૂ પીવે છે અને બોટલો-પોટલીઓ ત્યાં જ ફેંકી દે છે. આ સ્થિતિ માત્ર ગંદકી ફેલાવતી નથી, પરંતુ બાળકોના મન પર પણ નકારાત્મક અસર કરે છે.

### 'પઢેગા ઇન્ડિયા' સૂત્ર પર મોટો પ્રશ્નાર્થ

શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે સરકાર અનેક યોજનાઓ અમલમાં મૂકી રહી છે, પરંતુ વડોદરા મહાનગરપાલિકા વિસ્તારમાં જ આંગણવાડીની આ સ્થિતિ સરકારના સૂત્રની સાર્થકતા પર ગંભીર પ્રશ્નાર્થ ઊભો કરે છે.

**સ્વનિર્ભર શાળાઓમાં ફી વધારવા સંચાલકો કોર્ટમાં અરજી કરશે**

# FRC અને ખાલી પડેલી જગ્યાઓ પર ભરતીના મુદ્દે સરકારને હાઈકોર્ટમાં પડકારવા ઠરાવ

**શાળા** સંચાલક મહામંડળે ફી નિયમન મામલે મુખ્ય માંગણી રજૂ કરી કોર્ટમાં પડકારવાનો નિર્ણય લીધો

(પ્રતિનિધિ) વડોદરા, તા.11
રાજ્યના શાળા સંચાલક મહામંડળે વાર્ષિક બેઠકમાં નિયમન કાયદા અને ગ્રાન્ટેડ શાળાઓમાં ખાલી પડેલી જગ્યા ઉપર ભરતીના મુદ્દે સરકારને હાઈકોર્ટમાં પડકાર માટે ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. સરકાર તેમની માંગણીઓ સ્વીકારશે નહીં તો કોર્ટ દ્વારા ન્યાય મેળવશે.

રાજ્યભરની આશરે 15 હજાર સ્વનિર્ભર શાળાઓમાં ફી વધારવા સંચાલકો કોર્ટમાં અરજી કરશે. એફઆરસી કાયદો આવ્યાને આઠ વર્ષ વીતી ગયા હોવા છતાં સ્વનિર્ભર શાળાઓના ફીના સ્લેબમાં વધારો કરવામાં આવ્યો નથી સંચાલકોએ એફઆરસી સમક્ષ નવા સ્લેબ ની માંગણી કરી છે.



પ્રાઈમરી 22 હજાર સેકન્ડરી 30 હજાર રૂપિયા સામાન્ય પ્રવાહ 35 હજાર વિજ્ઞાન પ્રવાહ 40,હજાર જ્ઞાનસેતુ પ્રોજેક્ટમાં 7 ટકા ના દરે વાર્ષિક વધારો કરવામાં આવે છે,તે જ રીતે એફઆરસી સ્લેબમાં પણ વધારો આપવા માટે માંગણી કરવામાં આવી છે. રાજ્યની ગ્રાન્ટેજ શાળાઓમાં લાંબા સમયથી ક્લાર્ક અને પટાવાળાની જગ્યાઓ ખાલી પડી છે. શાળા સંચાલકોએ સરકારને આ અંગે અનેક વખત વિનંતીઓ કરી હોવા છતાં પણ સરકાર દ્વારા આ વિનંતીઓને ગ્રાઈએ રાખવામાં આવી નથી પરિણામે વહીવટી કાર્ય સરળ બનાવવા માટે આ ભરતી મુદ્દે પણ સરકારને કોર્ટમાં પડકારવા માટે પણ ઠરાવ કરવામાં આવ્યો છે.